FILE NO.FRC/PRO./2021-22/ GSN/KDR/77

DT 03-03-2022

ફી નિયમન સમિતિ

રાજકોટ ઝોન રાજકોટ

24300502311

સોમનાથ ઇન્ટરનેશનલ સ્કૂલ,

સોમનાથ એકેડેમી કેમ્પસ, બાયપાસ પાસે

વેરાવળ હાઇવે,કોડીનાર

ગીરસોમના.

EMAIL:-siskodinar@gmail.com

# નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના હાજર રહેલા સભ્યશ્રીઓએ સહી કરેલ છે.

2. સોમનાથ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સોમનાથ ઇન્ટરનેશનલ સ્કૂલ ઈંગ્લીશ મીડીયમમાં, કોડિનારમાં ધોરણ 1-8 નવી શાળા શરૂ કરવામાં આવેલ છે. જેની ધોરણ 1થી8ની વર્ગ મંજૂરી જૂન 2019 થી આપવામાં આવેલી છે

3. શાળાએ વર્ષ 2021-22 થી 2022-23 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.

4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD | MED | 2021-22 | 2022-23 |
|---|---|---|---|
| Pre primary | ENG | 35000 | 35000 |
| 1-5 | ENG | 40000 | 40000 |
| 6-8. | ENG | 42000 | 42000 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ . 2019-20, 20-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે.

7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

8. શાળા રજુ કરેલ ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| | 2019-20 in lac | 2020-21 in lac |
|---|---|---|
| ફી આવક. | 3.51 | 1.52 |
| કુલ આવક. | 3.51. | 1.52 |
| પગાર ખર્ચ. | 17.28 | 7.50 |
| પરચુરણ ખર્ચ | 0.14 | - |
| કુલ ખર્ચ. | 17.42. | 12.13 |
| નફો/નુકસાન. | -13.91. | -10.61 |

9. સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારી ને કારણે તારીખ 16 -3 -20 થી રાજ્યની તમામ શાળાઓ ( સરકારી ગ્રાન્ટ-ઇન-એ ઇડ , સ્વનિર્ભર) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે lockdown જાહેર કરવામાં આવ્યું હતું તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળા ના સને 2019-20ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021 -22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે કારણકે સને 2020 ના વર્ષ માટે શાળાએ સને 2019 ની ૭૫ ટકા રકમ જ ફી તરીકે લેવાનું ઠરાવ્યું હતું શાળા પૂરેપૂરા સમય ચાલી નથી વિદ્યાર્થીઓની ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી વર્ષ 2019-20ના વર્ષના ઓડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવ્યું ન્યાયી અને વ્યાજબી છે અને શાળા સંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી અને 2019-20નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

9. શાળામાં વર્ષ 2019માં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા,વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| | વિદ્યાર્થીની સંખ્યા. | શિક્ષકોની સંખ્યા. | વર્ગનીસંખ્યા |
|---|---|---|---|
| 1-8. | 57 | 13 | 8 |

10. સદર શાળા નવી શરૂ કરવામાં આવેલ હોય દર્શાવેલ ખર્ચ વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ઘણું વધારે હોય તે સ્વાભાવિક છે. હાલ શાળા જે ટ્રસ્ટ સંચાલિત છે તે ટ્રસ્ટની લૉન ની વર્ષ 19-20 તથા 20-21ની જવાબદારી છે જે અનુક્રમે 13. 72 લાખ તથા 19.07 લાખ છે. 2019, 2020 ના ઑડિટ રિપોર્ટમાં દર્શાવેલ તમામ ખર્ચ તથા નુકસાન અને વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા જોતા માંગણી મુજબ ફી મંજુર કરવાપાત્ર છે.

વિદ્યાર્થી દીઠ નીચે મુજબની ફી મંજૂર કરવામાં આવે છે.

| STD | MED | APPROVED BY FRC 2021-22 | APPROVED BY FRC 2022-23 |
|---|---|---|---|
| pre primary | ENG | 35000 | 35000 |
| 1-5 | ENG | 40000 | 40000 |
| 6-8 | ENG | 42000 | 42000 |

13. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે તે સબબનુ એફિડેવિટ દિન 30માં કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, માગવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ ભલે તેનાં દિન - 30માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને શેર સર્ટિફિકેટ સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

14. સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં થોડી નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

15. નિયમન સમિતિ નક્કી કરેલ કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તીના વાલીને દિન 30માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

16. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો ફી નિયમન અધિનિયમ ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

17. નિયત કરેલ સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

18. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ કર્યા ના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, પ્રથમ માલ,S.T.T.I.-G.C.E.R.T.S.,કેમ્પસ સેક્ટર - 12 ગાંધીનગર માં રિવિઝન કરી શકાશે.

**SD/-**
અધ્યક્ષ
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.
( નિવૃત જિલ્લા ન્યાયધીશ)

ખરી નકલ (હુકમથી).

(વી.જે.બાબરીયા)
ફરજ પરના અધિકારી
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.

OFFICE OF ... ★ RAJKOT ZONE ★